# G20 Foreign Ministers' Extraordinary Meeting (Virtual) on Strengthening International Cooperation Across Borders

September 03, 2020

# સમગ્ર સીમાઓ પર આંતરરાષ્ટ્રિય સહકાર વધારવા પર જી20 વિદેશ મંત્રીઓની અસાધારણ બેઠક (વર્ચ્યુઅલ)

સપ્ટેમ્બર 03, 2020

વર્તમાન જી20 અધ્યક્ષ સાઉદી અરેબિયા દ્વારા 3જી સપ્ટેમ્બર, 2020 નાં રોજ જી20 વિદેશ મંત્રીઓની અસાધારણબેઠક યોજવામાં આવી હતી. કિંગ્ડમ ઑફ સાઉદી અરેબિયાનાં વિદેશ મંત્રી મહામહિમ પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ-સાઉદ આ બેઠકનાં અધ્યક્ષ સ્થાને હતા. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

આ વર્ચ્યુઅલ બેઠક કોવિડ-19 મહામારીની કટોકટીની પૃષ્ઠભૂમિમાં યોજવામાં આવી હતી. ચર્ચાઓ કોવિડ-19 કટોકટીનાં સમયમાં સમગ્ર સીમાઓ પર આંતરરાષ્ટ્રિય સહકાર મજબૂત કરવા પર કેન્દ્રિત હતી. મંત્રીઓએ કોવિડ-19 મહામારીનાં પ્રતિભાવમાં લેવામાં આવેલા સીમા-પારનાં વ્યવસ્થાપનનાં પગલાઓમાંથી મેળવેલા રાષ્ટ્રિય અનુભવો અને શિખેલા પાઠોનું પણ આદાનપ્રદાન કર્યું હતું.

પોતોની ટિપ્પણીઓમાં, વિદેશ મંત્રીએ આ કોવિડ-19 મહામારીનો સામનો કરવા માટે જી20 દેશોને સાથે લાવવામાં દાખવેલા સક્રિય અભિગમ બદલ સાઉદી અરેબિયાનાં વખાણ કર્યા હતા.

વિદેશ મંત્રીએ આ મહામારી બાબતમાં ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેણે ભારતમાં ફસાયેલા વિદેશી નાગરિકો અને વિદેશોમાં ફસાયેલા ભારતનાં પોતાનાં નોગરિકોની સુખાકારી અને રક્ષણ માટે વંદે ભારત મિશન અને 'ટ્રાવેલ બબલ' નિર્માણ સહિત ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓ અંગે જી20 વિદેશ મંત્રીઓને માહિતગાર કર્યા હતા.

વિદેશ મંત્રીએ સમગ્ર વિશ્વની સરકારોને એ બાબત સુનિશ્ચિત કરવા માટે આહ્વાન કર્યું હતું કે વિદેશી વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ કરવામાં આવે અને ફસાયેલા દરિયાઇ યાત્રીઓની તેઓનાં વતન દેશોમાં વાપસીની સુવિધા પ્રદાન કરવામાં આવે.

વિદેશ મંત્રીએ ત્રણ ઘટક તત્વો: a) તપાસણી પ્રક્રિયાનું પ્રમાણિકરણ અને તપાસનાં પરિણામોની વૈશ્વિક સ્વિકાર્યતા; b) 'ક્વૉરેન્ટાઇન પ્રક્રિયા' નું પ્રમાણિકરણ; c) 'મૂવમેન્ટ અને ટ્રાન્ઝિટ' પ્રોટોકોલનું પ્રમાણિકરણ સાથે સ્વૈચ્છિક 'લોકોનાં સીમા-પારનાં સંકલિત હલનચલન પરનાં જી20 સિદ્ધાંતો' વિકસાવવાનો પ્રસ્તાવ રાખ્યો હતો.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.